જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની તથા પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૫૫/૨૦૨૫**

બાપુનગરઃ રાકેશકુમાર જવાહરસિંહ અવાધિયા (રહે. ઈલા સોસાયટી, સેલ્સ ઇન્ડીયાની બાજુમા, અંજના સોસાયટી સામે, ઇન્ડીયા કોલોની રોડ, બાપુનગર) એ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી તા.૦૧/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨,૨૪,૦૦૦/– (૨) સોનાની વીંટી કિંમત રૂપિયા ૬૮,૨૦૦/–, (૩) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૪,૫૦૦/– (૪) સોનાનો હાર લોકેટ ચેઇન ભાતનો કિંમત રૂપિયા ૬,૫૭,૦૪૬/– તથા રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૧,૦૩,૭૪૬/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

નવરંગપુરાઃ સોહીલ જાવેદભાઈ મન્સુરી (રહે. ગોળ ગલી ઢાલગરવાડ પાનકોર નાકા) એ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૫ સવારના ૫/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્વસ્તીક ચાર રસ્તા પાસે સીટી સેન્ટર, સચેત ૦૧ કોમ્પલેક્ષ, ડોમિનોઝ પિઝા શોપ નંબર–૦૧ ખાતે આવેલ પોતાની રેસ્ટોરન્ટનો દરવાજો ઉંચો કરી, અજાણી વ્યક્તિ રેસ્ટોરન્ટમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૨૧,૦૦૦/– તથા સીસીટીવીનું ડીવીઆર કિંમત રૂપિયા ૩,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૫**

ચાંદખેડાઃ સુશીલભાઇ સ/ઓ વાલજીભાઈ પરમાર (૩૪.વ.૩૩)(રહે.અક્ષર એપાર્ટમેન્ટ પંચશ્લોક ચાર રસ્તા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૫ કલાક ૨/૦૦ વાગ્યા પહેલા અક્ષર એપાર્ટમેન્ટના "કે" બ્લોકના ધાબા ઉપરથી નીચે પડતું મુકતા, ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષભાઇ ખુશાલભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ રાજુ ઉર્ફે રાજેશભાઇ અમરસિભાઇ સોયા (ઉ.વ.૩૮)(રહે.નરસિંહનગર સ્વસ્તીક ચાર રસ્તા પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૧૧/૨૦૨૫ સવારના ૪/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ વટવા જીઆઇડીસી હાથીજણ સર્કલની પાસે સત્યનારાયણ સોસાયટી ખાતે રહેતા પ્રેમકુમાર સંતકુમાર ચૌવે (ઉ.વ.૧૮)(મુળ વતન. ગામ– જોબીખુર્દ, થાના–કુથલા, તા–બીજરાહોગઢ, જી–કટની મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૫ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે પડદો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

નારોલઃ ખમરી વિનુભાઇ દેવીપુજક (ઉ.વ.૩૫)(રહે.સાબરમતી નદીના પટમાં આવેલ કાચા છાપરામાં ભાઠા ગામ વાસણા) એ બિમારીથી કંટાળી તા.૦૩/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા નારોલ શાસ્ત્રીબ્રિજના નીચે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી